# <u>આવો પધારોને વ્હાલા અમારા</u>

આવો પધારોને વ્હાલા અમારા, (૨) અર્પણ ભાવ અંતરના અમારા, (૨)
વાગે શરણાઈયું ને ઢોલ નગારાં, (૨) કરીએ આનંદ ઉત્સવનાં વધામણાં...

આવો પધારો...

તોરણ ચડે છે આસોપાલવનાં, ઊડે લહેરે ધજા ને પતાકાં,
રંગોળી રંગે પૂર્યા સાથિયા, દીપમાળાનાં આંગણ અજવાળ્યાં,
અબીલ ગુલાલ ઊડે છે હવામાં, (૨) કરીએ આનંદ ઉત્સવનાં વધામણાં...

આવો પધારો...

કંકુ-ચોખા લઈને પૂજન કરીએ, (૨) ફૂલ-હાર કલગી અર્પણ કરીએ, (૨)
વંદન ચરણે તમને અમારાં, <u>ગુરુહરિ હે પ્યારા સાહેબદાદા(વ્હાલા) અમારા</u>, (૨)
વંદન ચરણે તમને અમારાં, કરીએ આનંદ ઉત્સવનાં વધામણાં...

આવો પધારો...

કરીએ આરતી લઈએ આશકા, (૨) શંખ પખાવજ ગૂંજે મજાનાં (૨)
નાચે મગન થઈ ભક્તોનાં હૈયાં, (૨) કરીએ આનંદ ઉત્સવનાં વધામણાં...

આવો પધારો...

તારા પગલે પાંગરે પ્રભુતા, (૨) વસંત બની ખીલે રોમ રોમમાં (૨)
ચરણે **ધરીએ** મંગલ પ્રાર્થના, (૨) કરીએ આનંદ ઉત્સવનાં વધામણાં...

આવો પધારો...

**~ દીપકભાઇ અધ્વર્યુ**